પર્યાવરણ દિને બાળકોએ 'વન્યજીવોની ઉપયોગિતા' સમજાવી

ડેપોમાં આડેધડ પાર્ક કરેલા વાહનચાલકો સામે પોલીસની લાલ આંખ

પોલીસે ડિટેઈન કરેલા વાહનો મોટાભાગના દુકાન માલિકોના હતા

ગાંધીનગર, તા.૬

આજે શહેરના એસ.ટી.ડેપોમાં આડેધડ પાર્ક કરેલા વાહનચાલકો સામે પોલીસે લાલ આંખ કરી છે. પોલીસે બાઈક અને કાર ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરતા વાહન ચાલકોમાં ફફળાટ મચી જવા પામ્યો હતો. પોલીસે જે વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરી છે તેમાં મોટાભાગના વાહનો ડેપામાં દુકાન ધરાવતા વેપારીઓના હતા.

ગાંધીનગર શહેરની મધ્યમાં આવેલ એસ.ટી ડેપોમાં વાહનચાલકોનો ત્રાસ વધી જવા પામ્યો છે. આડેધઢ વાહનો મુકતા હોવાથી બસ ચાલકો અને એસટી તંત્રના અધિકારીઓને પણ તકલીફનો સામનો કરવો પડે છે. જયારે વાહનો પાર્ક કરીને જતા રહેતા હોવાથી વાહન ચોરીના બનાવો પણ બનવા પામે છે. પાર્ક કરેલા વાહનો પર રોમીયો પણ બેસી રહેતા હોવાથી અનેક ફરીયાદો પણ સામે આવી રહી છે. ડેપોમાં પે પાર્કીગની વ્યવસ્થા હોવા છતા પાર્કીગના રૂપીયા ના ચુકવવા પડે તે માટે વાહન ચાલકો ડેપોમાં પોતાના વાહનો મુકીને જતા રહે છે. કેટલાક વાહન ચાલકો અન્ય શહેરમાં નોકરી કરતા હોવાથી સવારે મુકીને જતા રહે છે અને સાજે લઈ જાય છે. જેને લઈ આજે ગાંધીનગર પોલીસે એસ.ટી.ડેપોમાં પાર્ક કરેલા બાઈક અને કાર ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરી હતી. વાહનો ડીટેઈન કરવાની કાર્યવાહી કરતા વાહનચાલકોમાં ભય ફેલાયો હતો. પોલીસે જે વાહન ચાલકો પાસેથી દંડ વસુલી કરી છે તેમાં મોટાભાગના વાહનો ડેપોમાં દુકાન ધરાવતા વેપારીઓના હતા. જેને લઈને વેપારીઓમાં અસંતોષ પણ જોવા મળ્યો હતો. વેપારીઓ જણાવે છે કે અંદર અમારી દુકાન પાસે પાર્ક કરેલા વાહનો સામે પોલીસે દંડનીય કાર્યવાહી કરી છે. પરંતુ ડેપોના ઈનગેટ પાસે વાહનો આડેધડ પાર્ક કરેલા હોય છે. આ વાહનોને કારણે બસ ડ્રાઈવરોને પણ તકલીફનો સામનો કરવો પડે છે. ત્યારે આઈસ્ક્રીમ પાર્લર પાસે પાર્ક થતા વાહનો ચાલકો સામે પણ દંડનીય કાર્યવાહી પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

પર્યાવરણ દિને બાળકોએ 'વન્યજીવોની ઉપયોગિતા' સમજાવી

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં ૩૫ બાળકોએ ભાગ લીધો : વૃક્ષારોપણ કરી વૃક્ષોનું જતન કરવાની પ્રતિજ્ઞા ઉઠાવી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સે-૨૩માં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા તા. ૫મી જૂન રવિવારે 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સંયુકત ઉપક્રમે નિબંધ સ્પર્ધા, વૃક્ષારોપણ તથા ફિલ્મ શૉનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

પર્યાવરણના પ્રદૂષણને કારણે સમગ્ર વિશ્વ કલાયમેન્ટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. આ સમસ્યાઓ અંગે લોક જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા ૫મી જૂને પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે આ ઉજવણીની થીમ 'ચાલો વન્યજીવ પ્રેમી બનીએ : ઝીરો ટોલરન્સ ફોર ધ ઈલલીગલ વાઈલ્ડ લાઈફ ટ્રેડ' રાખવામાં આવી છે. આ અંતર્ગત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધાનો વિષય 'વન્યજીવોની

માનવજીવન માટે ઉપયોગિતા' રાખવામાં આવ્યો હતો. સ્પર્ધામાં કુલ ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બે ગ્રૂપમાં યોજાયેલ આ સ્પર્ધામાં ધોરણ-૫ થી ૭ના વિદ્યાર્થીઓ 'એ' ગ્રૂપમાં અને ધોરણ ૮ થી ૧૦ના વિદ્યાર્થીઓ 'બી' ગ્રૂપમાં રાખવામાં આવ્યા હતા. સ્પર્ધામાં એ ગ્રૂપમાં પ્રથમ ક્રમે ક્રિષ્ના કાછડીયા, દ્વિતિય ક્રમે વેદાંત રંગાણી તથા તૃતીય ક્રમે પલક પાઠક વિજેતા બન્યા હતા. બી ગ્રૂપમાં પ્રથમ ક્રમે રીયા ગાંધી, દ્વિતિય ક્રમે ખુશી પ્રજાપતિ તથા તૃતીય રુદ્રી શુકલ વિજેતા બન્યા હતા. બંને ગ્રૂપના વિજેતાઓને રોકડ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે વિજેતાને રૂ. ૫૦૦, દ્વિતિય ક્રમને રૂ. ૩૦૦ તથા તૃતીય સ્થાને વિજેતા વિદ્યાર્થીને રૂ. ૨૦૦નું ઈનામ આપવામાં આવ્યું હતું.

પર્યાવરણ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે જીપીસીબીના સિનિયર મદદનીશ વૈજ્ઞાનિક ભૂપેન્દ્રભાઈ પટેલ, મદદનીશ પર્યાવરણીય ઈજનેર અલ્પાબેન ઠકકર, આરજી કન્યા વિદ્યાલયના સુપરવાઈઝર ગિતેષભાઈ પટેલ તથા વસંતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ભૂપેન્દ્રભાઈ તથા અલ્પાબેન દ્વારા વૃક્ષારોપણ કરાયું હતું તેમજ ભૂપેન્દ્રભાઈએ વિદ્યાર્થીઓને વૃક્ષોની પર્યાવરણમાં ભૂમિકા વિશે માહિતી આપી હતી. ગિતેષભાઈએ વિદ્યાર્થીઓને વૃક્ષો વાવી તેનું જતન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી જયારે વસંતભાઈએ વન્ય જીવ સૃષ્ટિની ઉપયોગિતા અંગે રસપ્રદ માહિતી પ્રદાન કરી હતી. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓને કલાયમેન્ટ ચેન્જ તથા ગ્લોબલ વોર્મિંગ અંગે ફિલ્મ શો બતાવવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડિનેટર્સ હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ તથા વિવેક મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી.

@ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે બીજી શહેરી ૪.૨૦ કલાકે પૂર્ણ થશે અને પ્રથમ ઈફતાર ૭.૨૬ કલાકનું રહેશે.

● સુંદરધામ પરિવાર દ્વારા કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસ પીઠે સાંજે ૬.૩૦ કલાકે ઉર્જાનગર વિભાગ-૨, પ્રતિક મોલની પાછળ, ગીરીશભાઈ ઉપાધ્યાયના યજમાનપદે અને રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૪૮૦/૨, સે-૭-બી ખાતે સંતોષભાઈના યજમાનપદે સુંદરકાંડ પાઠ યોજાશે.

સમસ્ત ખડાયતા સમાજ જોગ

ગાંધીનગર, તા.૬

શ્રી સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત-ગાંધીનગર દ્વારા સમાજના હિત માટે 'ખડાયતા જયોતિ' પ્રકાશન માસિક પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ પ્રકાશનના આજીવન લવાજમમાં ૩૧મી જુલાઈ પછી વધારો કરવામાં આવશે. ખડાયતા જ્ઞાતિના સભ્યોએ ૩મી જુલાઈ પહેલા સમાજના મંત્રી બી.ડી. શાહ-પ્લોટ નં. ૧૩૫૪/૨, સેકટર-૫-એ અથવા મો.નં. ૯૪૨૮૮૦૭૬૭૦ ઉપર સંપર્ક કરી સભ્યપદ મેળવવા જણાવાયું છે.

વાતવાતમાં

● સોમવારથી શાળાઓનો પ્રારંભ થતા જ શહેરનું જનજીવન જાણે જીવંત બની ઉઠયું હતું. વહેલી સવારથી જ શૈક્ષણિક સંકુલો નજીકના માર્ગોપર ટ્રાફિકના વધારા સાથે અનેક ઠેકાણે ટ્રાફિક જામના દેશ્યો જવા મળ્યા હતા.

● સે-૧૨માં આવેલ ડૉ. આંબેડકર ભવન તરફ જવાના ખાંચા નજીકના 'ગ' માર્ગ પર એક વાહનચાલકનુંટિફીન પડી જવા પામ્યું હતું. ટિફીન પડી જવાથી અજાણ વાહનચાલક ઓફિસ જવાની ઉતાવળમાં પસાર થઈ ગયો હતો પરંતુ તેના પછી ખાસ્સા સમય સુધી રોડ પર પડેલા ટિફિન અંગે ત્યાંથી પસાર થનાર તમામે દુર્લક્ષ સેવ્યું હતું.

● શહેરમાં તંત્ર દ્વારા પ્રિ-મોન્સુન કાર્યવાહીના પગલે ગટરોની સાફ સફાઈ હાથ ધરવામાં આવી છે. સોમવારે પથિકાશ્રમથી વાવોલ ફાટક તરફ જતા રોડ નં. ૩ પરની ગટરો આકરા તડકામાં પણ સાફ કરતા શ્રમજીવીઓ નજરે ચઢયા હતાં.

● ખ રોડ પર આવેલા સે-૧૩ નજીકના ખ-૩ સર્કલે સ્વચ્છતા અભિયાનને ધ્યાનમાં રાખીને ગાંધીજીના ચશ્મા તથા લાકડીની પ્રતિકૃતિ મુકવામાં આવી છે. રાત્રે જમીને ઠંડી હવાનો આનંદ માણવા નીકળતા કેટલાક યુવાનો દરરોજ આ ચશ્માની પ્રતિકૃતિ પર જ બેસીને અડ્ડો જમાવે છે જે પ્રતિકૃતિની જાળવણી માટે જોખમરૂપ બન્યું છે.

બ્રહ્માકુમારીઝના વાવોલ સેવા કેન્દ્રનો તૃતીય વાર્ષિકોત્સવ ઉજવાયો

કેન્દ્રને સહયોગ આપનાર તમામનું સન્માન કરાયું : બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલ ખાતે બ્રહ્માકુમારીઝના સેવા કેન્દ્રની સ્થાપનાને ત્રણ વર્ષ પૂર્ણ થતા સુંદર વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાર્ષિકોત્સવ તા. ૫મી જૂન રવિવારે વાવોલની એમ.ડી. શાહ પ્રાથમિક શાળા ખાતે ઉજવાયો હતો. જેમાં ગામના અગ્રણીઓની ઉપસ્થિતિમાં બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કર્યો હતો.

બ્રહ્માકુમારીઝની કન્યાઓ તથા કુમારો દ્વારા કાર્યક્રમના પ્રારંભે જ વિવિધ યોગાભ્યાસ દ્વારા વિશ્વની સર્વ આત્મા તથા પ્રકૃતિ પ્રત્યે શાંતિના પ્રકંપન્ન ફેલાવવામાં આવ્યા હતા. શાંતિ પ્રકંપન્ન બાદ બાળકોએ પ્રભુ સ્મૃતિના ગીતો ગાયા હતા તથા મનોરંજક નૃત્યો રજૂ કર્યા હતા. આ પ્રસંગે ગામના સરપંચ કમલેશસિંહ ગોલ, અગ્રણી અમરસિંહ ગોલ, સાયન્ટીસ્ટ બીકે ઓમપ્રકાશ કશ્યપ તથા બીકે મનોજકુમાર ઉપસ્થિત રહ્યા હતા. વાવોલ સેવા કેન્દ્રના સંચાલિકા હંસાદીદીએ તમામને સંબોધતા જણાવ્યું હતું કે આ વાર્ષિકોત્સવ સર્વ પરિવારના ભાઈ-બહેનો જેઓ પરમાત્મ સ્નેહના એક સૂત્રના બંધનથી બંધાયેલ છે, જેઓના સ્નેહ, સહયોગ, સેવાની સુવાસની સ્મૃતિનો દિવસ એટલે વાર્ષિકોત્સવના આનંદનો દિવસ છે. સ્થાપના દિવસ નિમિત્તે કેક કાપીને ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે સે-૨૬ના બ્રહ્માકુમારીઝ કેન્દ્રના સંચાલિકા બીકે ધર્મિષ્ઠા દીદી, બીકે સુનિતાદીદી, પેથાપુર કેન્દ્રના સંચાલિકા બીકે શિલ્પાદીદી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ત્રણ વર્ષ દરમિયાન કેન્દ્રને સેવામાં સતત સહયોગ આપનાર ભાઈ બહેનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં આઈસ્ક્રીમ પ્રસાદ સાથે સર્વેએ બ્રહ્મા ભોજનનો સ્વીકાર કર્યો હતો.

સમર્પણ કોલેજના વિદ્યાર્થીઓની ઉત્તરવહી સે-૧૯ જીમખાના પાસેની ઝાડીમાંથી મળી આવી

ગાંધીનગર, તા.૬

શહેરની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના અધ્યાપકની ભુલના લીધે જ માર્ગ પર ટી.વાય.બી.કોમ.ની ૧૦૦ જેટલી ઉત્તરવહીનો થેલો ચાલુ બાઈકમાંથી પડી ગયો હતો. જે થેલો આજે સેકટર-૨૧ પોલીસને સે-૧૯ જીમખાના પાસેથી મળી આવતા પોલીસે કોલેજ સત્તાધીશોને બોલાવી ઉત્તરવહી ભરેલો થેલો પરત કર્યો હતો. આખરે ત્રણ દિવસ બાદ અધ્યાપકે રાહતનો દમ લીધો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એક અધ્યાપક ટી.વાય. બી.કોમના વિદ્યાર્થીઓની ૬૦૦ જેટલી ઉત્તરવહીઓ તપાસવા માટે પોતાના ઘરે અમદાવાદ લઈ ગયા હતા. કોલેજના અધ્યાપકે ૫૦૦ જેટલી ઉત્તરવહી તપાસીને કોલેજમાં જમા કરાવી દીધી હતી જયારે ૧૦૦ ઉત્તરવહી તપાસવાની બાકી હતી જે ઉત્તરવહીનું બંડલ થેલામાં નાખી બાઈક પર હૂકમાં ભરાવી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક જ ચાલુ બાઈકમાંથી ઉત્તરવહી ભરેલો થેલો ક્યાંક પડી ગયો હતો. થોડા સમય બાદ અધ્યાપકને થેલો ગુમ થઈ ગયો હોવાની જાણ થતા આસપાસમાં શોધખોળ હાથ ધરી હતી. પરંતુ તેમ છતાં ઉત્તરવહી ભરેલો થેલો ના મળતા આખરે સે-૨૧ પોલીસમાં જાણ કરી હતી. પોલીસે જાણવાજોગ ફરિયાદ દાખલ કરી તેની શોધખોળ હાથ ધરી હતી. ત્યાર સે-૨૧ પોલીસને તપાસ દરમિયાન ઉત્તરવહી ભરેલો થેલો આજે સેકટર-૧૯ જીમખાના પાસેની ઝાડીઓમાંથી મળી આવ્યો હતો. આથી પોલીસે તમામ ઉત્તરવહીની ફરિયાદના આધારે ખરાઈ કરી કોલેજ સત્તાધીશોને પરત કરી હતી.

નાના બાળકોને એકડો ઘૂંટાવાની શરૂઆત

ગાંધીનગર, તા.૬

વ્યકિતના જીવન ઘડતરમાં શિક્ષણનું મુખ્ય અને મહત્વનું યોગદાન હોય છે. સંસ્કાર અને શિક્ષણના સિંચનથી પ્રત્યેક બાળક એક સારો નાગરિક બને તેવી સહજ ઈચ્છા વાલીઓની હોય છે. વેકેશનના સમયગાળા બાદ આજે નવું શૈક્ષણિક સત્ર શરૂ થતાં નગરના જનજીવનમાં અનોખો ઘમઘમાટ જોવા મળ્યો હતો. દફતર

અને વોટરબેગ સાથે ગણવેશમાં સજ્જ વિદ્યાર્થીના કોલાહલથી શાળા સંકુલોમાં ચેતના પ્રગટી હતી ત્યારે આજે પ્રથમવાર જ શાળાનું પગથિયું ચઢતા હોય તેવા ભુલકાઓ પણ હસતી રડતી મુદ્રામાં જોવા મળ્યા હતા. આ તબક્કે પોતાના પાલ્યને પ્રથમવાર શાળાના પગથિયે ડગ મંડારતા વાલીઓ પણ લાગણી ભીના જોવા મળ્યા હતા. બાળકને સારી શાળામાં યોગ્ય શિક્ષણ સાથે શિસ્ત અને સભ્યતાના પાઠ શીખવા મળશે. આવનારા દિવસોમાં આ ભૂલકાઓ શ્રેષ્ઠ નાગરિક બનશે તેવી લાગણી પણ વાલીઓએ વ્યકત કરી હતી. રમકડાઓને બેઘડી કોરાણે મુકી જ્ઞાન સાથે ગમ્મત કરવા આજે ઘણી શાળાઓમાં વાલીઓએ બાળકોને જુનિયર અને સિનિયર કેજીમાં પ્રવેશ અપાવી તેમની શૈક્ષણિક કારકિર્દીનો એકડો ઘૂંટાવાની શરૂઆત કરી હતી.

● હેમાંગી પડયા-માતા : નેત્રા પંડયા-દિકરી

પોતાના પાલ્યને પ્રથમવાર શાળામાં દાખલ કરવા આવેલા હેમાંગીબેન પંડયાએ આ પ્રસંગે ખુશી વ્યકત કરતા જણાવ્યું હતું કે મારી દિકરી નેત્રા પંડયાનો આજે શાળામાં

પ્રથમ દિવસ છે ત્યારે તે સંસ્કાર અને સિંચન થકી એક સારી નાગરિક બનશે તેનો મને વિશ્વાસ છે.

● પટેલ વિશ્વ મિતેશભાઈ : પટેલ હામી વિપુલભાઈ

સેકટર-૨૩ ગુરુકુળ જુનિયર કડીમાં શિક્ષણ મેળવવા ડગ માંડતા વિશ્વ અને હામી પટેલના વાલીએ હર્ષની લાગણી વ્યકત કરતા જણાવ્યું હતું કે વ્યકિતના જીવન ઘડતરનું આધાર શિક્ષણ પર હોય છે ત્યારે શૈક્ષણિક યાત્રાના પ્રારંભથી જ આ બાળકોને પોતાની આંતરિક શકિત નિખારવાની તક મળશે એનો અમને વિશ્વાસ છે.

● આદિત્યસિંહ : સમીરસિંહ બિહોલા

આજે સ્કૂલમાં આદિત્યનો પહેલો દિવસ હોવાથી તે ખૂબ રડતો હતો પરંતુ તે થોડા સમયમાં શાળાથી ટેવાઈ જશે. કારણ કે અત્યારના સમયમાં શિક્ષણ ખૂબ અગત્યનું છે. મારો દિકરો ઉચ્ચ અભ્યાસ કેળવી સમાજમાં સારું સ્થાન મેળવી તેવી ઈચ્છા ધરાવુ છું.

● જિતિક્ષા ચંદ્રવદન રોય

નાનપણથીજ બાળકને શાળાએ મોકલીએ એટલે તેની બુધ્ધીમત્તામાં વધારો થાય છે. શાળામાં બાળકને યોગ્ય કાળજી સાથે શિક્ષણ મળતું હોવાથી શરીરમાં નવી શકિતનો સંચાર થાય છે અને શાળામાં વધુ બાળકો હોવાથી તેઓની વચ્ચે હરિફાઈ રહે છે. આ હરિફાઈને લઈ બાળકમાં આગળ વધવાની ઉત્સુકતા વધે છે.

સે-૨૧ના રહેણાંક સરકારી બ્લોકના મીટર બોક્ષમાં આગ

ગાંધીનગર, તા.૬

શહેરના સેકટર-૨૧ અપના બજાર પાસેના સરકારી ચ ટાઈપના રહેણાંક મકાન બ્લોક નં. ૧૦૮/૧૦૯ના વીજળીના મીટર બોક્ષમાં ગરમીના કારણે અચાનક આગ લાગતા રહીશોમાં દોડાદોડી થઈ ગઈ હતી. થોડી વારમાં આગ અંગે ફાયરબ્રિગેડને જાણ કરતા ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને આગ પર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી.

ચિરવિદાય

● સ્વ. લક્ષ્મણભાઈ હિરાજી ઠાકોર, ઉ.વ. ૫૨
● સ્વ. મણાજી રાયસંગજી ઠાકોર, ઉ.વ. ૬૫